Done

દિવ્ય ભાસ્કર
(સિટી ભાસ્કર)
તા- 05/06/21
પેજ નં - 1

## આંબેડકર યુનિ.માં પર્યાવરણ દિવસની ઉજવણી થઈ

# વિદ્યાર્થીઓનો 11,000 વૃક્ષો વાવી તેને ઉછેરવાનો સંકલ્પ



**અમદાવાદ** | વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એક્સટેન્શન એક્ટિવિટી સેલ અને આર્યવ્રત નિર્માણ ગ્રીન ગ્લોબલ બ્રિગેડ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગ્રીન ગ્લોબલ બ્રિગેડ દ્વારા 108 વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આવનારા સમયમાં 'આંબેડકર પીપળ વન' (ઓક્સિજન પાર્ક) પણ ઉભો કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ આગામી વર્ષ દરમિયાન નવા 11,000 વૃક્ષો વાવી તે વૃક્ષ ઉછેરવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં વિવિધ ડિપાર્ટમેન્ટમાંથી નિયામકો, અધ્યાપકો, વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓ પણ જોડાયા હતા. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને વૃક્ષો તથા પર્યાવરણનું સંવર્ધન કરવાના શપથ લેવડાવ્યા હતા.

05/06/2021